**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૨/૧૨/૨૦૧૭ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૧૭/૧૭**

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

**ફેમિલી કોર્ટના સને૨૦૧૫ના કેસમાં સજા પામેલ નાસતા ફરતા ગુનેગારને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ**

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રી કે.એલ.એન.રાવ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ રાહુલ ત્રિપાઠી સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એ.ડી.ચાવડા સાહેબ તથા સ્ટાફના પો.કોન્સ. કેતનકુમાર વિનુભાઇ તથા પો.કો. જયપાલસિંહ અજીતસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે નામદાર ફેમિલી જજ સા.શ્રી નવરંગપુરા અમદાવાદ શહેર નાઓની કોર્ટની ક્રિ.પ.અ.નં.૨૬૫૭/૧૫ની અરજીના કામે સજા પામેલ ગુનેગાર નામે આશીકખાન સલીમખાન પઠાણ ઉ.વ.૩૪ રહે,મ.નં.૬૪ નાગોરી પટેલની ચાલી હંજર સિનેમા પાસે સરસપુર અમદાવાદ શહેર નાને હંજર સિનેમા ખાતે વોચ ગોઠવી આરોપીને તા.૦૨/૧૨/૧૭ ના રોજ પકડી લઇ નામદાર કોર્ટના હુકમ આધારે સાબરમતી મધ્યસ્થ જેલ સોપવા તજવીજ કરવામા આવેલ છે.

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

આજરોજ તા.૦૧/૧૨/૨૦૧૭ ના રોજ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૯૩૭/૨૦૧૭ તા.૦૧/૧૨/૨૦૧૭ થી પાસા હુકમ થતાં પાસા અટકાયતી પ્રદિપભાઈ ઉર્ફે પીપી S/O દશરથભાઈ પટણી ઉ.વ.૧૯ રહે-ઘ.નં.૦૯, કેશવલાલ ઘાંચીની ચાલી, પંજાબ સોસાયટી પાસે, ચમનપુરા અસારવા, અમદાવાદ શહેર નાને તા.૦૧/૧૨/૨૦૧૭ ના કલાક ૧૯/૩૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી પોલીસ જાપ્તા સાથે જીલ્લા જેલ, જામનગર ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**વેજલપુર પોલીસ સ્ટેશન :**

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અસામાજીક પ્રવુતી અટકાવવા સારુ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઈન્સ્પેકટર એ.વી.પટેલ અને સ્ટાફના માણસોએ અત્રેના વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા તથા અમદાવાદ શહેર વિસ્તારમા મિલ્કત સંબંધી ગુનાઓમા સંડોવાયેલ આરોપી કેતનભાઈ ઉર્ફે કમલેશભાઈ સ/ઓ મનહરભાઈ નારણભાઈ પટેલ ઉ.વ-૩૭ રહે:- ડી/૧૦૬, રુદ્રાક્ષ એપાર્ટમેન્ટ, ગેલેક્ષી એપાર્ટમેન્ટની બાજુમાં, પાર્થના એપાર્ટમેન્ટ સામે, નવા નરોડા રોડ, અમદાવાદ શહેર મુળગામ : ધાર તા.જી. : અમરેલી નાઓના વિરુધ્ધમા મિલ્કત સંબંધી ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ પાસા દરખાસ્ત સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં પીસીબી/ડીટીએન/પાસા/૯૨૯/૧૭ તા.૩૦/૧૧/૨૦૧૭ થી હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને આજરોજ તા.૦૧/૧૨/૨૦૧૭ ના ક્લાક ૧૭/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી "રાજકોટ જેલ" ખાતે પાસા અટકાયતી ને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે તા.૦૧/૧૨/૧૭

**દરીયાપુર પોલીસ સ્ટેશન :**

આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

શરીર સબંધી

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૭૨૦/૨૦૧૭ તા.૨૩/૧૦/૧૭ આધારે પાસા અટકાયતી નામે રજાકખાન ઉર્ફે રાજુ સ/ઓ ઈબ્રાહીમખાન મકબુલખાન પઠાણ ઉ.વ. ૨૨ ધંધો- નોકરી રહે. મ.નં. ૧૦ આલીયા ડુપ્લેક્ષ, રજા મસ્જીદની સામે, મસ્તાન મસ્જીદ પાસે, અંબર ટાવર, જુહાપુરા, અમદાવાદ શહેર મુળ વતન : ઉન પાટીયા ભીંડી બજારની અંદર રેશ્માનગર સુરત ના વિરૂધ્ધમાં દાખલ થયેલ મિલ્કત સબંધી ગુન્હાઓમાં સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોઈ સદરહું આરોપી નાસતો ફરતો હોઈ આરોપીનો મોબાઈલ નંબર મેળવી આરોપી સોશિયલ મીડીયાનો ઉપયોગ કરતો હોય તે આધારે સતત તપાસ કરી આરોપી સુરત શહેર ખાતે હોવાનું જણાઈ આવતા લોકેશન મેળવી આરોપીને તા. ૧/૧૨/૧૭ ના કલાક ૧૮.૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા તળે અટકાયતમાં લેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**